**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૪૯ ટકા

# આજથી શહેરમાં 'ડિસ્ટન્સ' સાથે 'દેવ-દર્શન'

**સોમવારથી શહેરના મોટા ભાગના ધાર્મિક સ્થળો શ્રધ્ધાળુઓ માટે ખુલશે : બાળકો-વૃધ્ધો-બિમારને પ્રવેશબંધી : માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ ફરજિયાત : ઘંટનાદ-પ્રસાદ-લંગર બંધ રહેશે : હેન્ડવૉશ તથા સેનેટાઈઝર સુવિધા ઉપલબ્ધ રહેશે : મર્યાદિત સમય માટે જ દર્શન કરી શકાશે**










ગાંધીનગર, તા.૭

સોમવારથી ગાંધીનગરમાં ધાર્મિક સ્થળો ફરી એકવાર જાહેર જનતા માટે ખુલી રહ્યા છે. કોરોના કોવિડ-૧૯ મહામારીના કારણે લાંબા સમય સુધી લોકડાઉનમાં રહેલા મંદિરો સહીતના ધાર્મિક સ્થળોને ખોલવાની સરકારે કેટલાંક નીતિનિયમો આધારિત પરવાનગી આપી છે જે અંતર્ગત ફરજિયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સની જાળવણી તથા સેનેટાઈઝિંગ, થર્મલ સ્કેનિંગ વગેરેની વ્યવસ્થા સાથે ધાર્મિક સ્થળો ખુલી રહ્યા છે પરંતુ તેમાં બાળકો અને વૃધ્ધો તેમજ બિમાર વ્યકિતને પ્રવેશ મળશે નહીં. જો કે ગાંધીનગર શહેરમાં છેલ્લા સપ્તાહમાં કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની વધેલી સંખ્યાને પગલે હજુ કેટલાક ધર્મસ્થાનો સંચાલકોએ થોડા દિવસ વધુ બંધ રાખવાનો નિર્ણય લીધો છે જેમાં સુપ્રસિધ્ધ અક્ષરધામનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગરના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે 'પંચદેવ મંદિર સોમવારથી સવારે મંગળા આરતી સાથે રાબેતા મુજબ ખુલશે અને મંદિર પરિસરમાં માસ્ક વગર કોઈ દર્શનાર્થીને પ્રવેશ મળશે નહીં. સરકારની તમામ ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવશે અને તે મુજબ સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાય તે હેતુથી મંદિર પરિસરમાં વર્તુળ દોરવામાં આવ્યા છે. દર્શનાર્થીઓને પણ વારાફરતી દર્શન કરવા અને ભીડ નહીં કરવા અનુરોધ છે.મંદિરમાં પ્રસાદ-ઘંટનાદ વગેરે બંધ રહેશે.' આ સાથે પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરનું સુપ્રસિધ્ધ અક્ષરધામ સંકુલ તેમજ સેકટર-૨૯નું જલારામ મંદિર, સેકટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર તથા શહેરના સેકટર-૨૩ અને સેકટર-૮ના ચર્ચ હજુ બંધ રહેશે. બીજી તરફ શહેરના અન્ય મંદિરો જેવા કે સે-૨૧માં હવેલી મંદિર, સે-૨૮માં દત્ત મંદિર, સે-૧૬માં સોમનાથ મહાદેવ, સે-૩૦માં સિંધુધામ, સે-૪માં ઓમકારેશ્વર મંદિર, વાવોલનું રામધામ મંદિર તથા સિધ્ધનાથ મહાદેવ, ગાંધીનગરના તમામ જૈન મંદિરો, તમામ મસ્જિદો સોમવારથી શ્રધ્ધાળુઓ માટે ખુલશે પરંતુ દરેક સ્થળે ફરજિયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ ઉપરાંત સેનેટાઈઝિંગ વગેરેના નોર્મ્સનું પાલન કરવામાં આવશે.

સેકટર-૨૧ના હવેલી મંદિરના સંચાલક મંડળના પ્રમુખ ડૉ. પ્રદિપ ગગલાણીએ જણાવ્યું હતું કે, 'હવેલી મંદિરમાં દિવસ દરમિયાન કુલ ૮ પ્રકારના દર્શન હોય છે પરંતુ સોમવારથી વૈષ્ણવો માટે માત્ર મંગળા અને શયન દર્શન જ ખોલવામાં આવશે. જયારે શ્રૃંગાર-રાજભોગ સહિતના અન્ય દર્શનમાં દર્શનાર્થીઓને પ્રવેશ મળશે નહીં. આ સાથે હવેલી મંદિરમાં પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા અલગ અલગ નિયત કરી અન્ય તમામ નોર્મ્સનું પાલન કરવામાં આવશે. મંદિરમાં હાલ ભેટ લખવાનું બંધ રાખ્યું છે તેથી શ્રધ્ધાળુઓએ ભેટ સીધી ગોલખમાં પધરાવવાની રહેશે. પ્રસાદ-ઘંટનાદ બંધ રખાશે.' સે-૩૦ના ગુરુદ્વારામાં પણ સેનેટાઈઝર, વૉશબેસીન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ અત્યારે લંગર વ્યવસ્થા બંધ રખાશે. દર્શનાર્થીએ માથુ ટેકવી ઝડપથી નીકળી જવાનું રહેશે પરંતુ કયાંય સ્પર્શ કરવાનો નથી જેમ કે ગ્રંથસાહેબ કે ચૌલને પણ સ્પર્શ નહીં કરી શકાય. સે-૩૦ના સિંધુધામ-ઝુલેલાલ મંદિરના જનરલ સેક્રેટરી અનલભાઈ જયસિંઘાનીએ જણાવ્યું હતું કે, 'સોમવારથી મંદિર દર્શનાર્થીઓ માટે ખુલશે પરંતુ માસ્ક-સોશ્યલ ડિસ્ટન્સ વગેરેના પાલન સાથે મંદિરમાં ભગવાનની મૂર્તિને પણ ભકતો સ્પર્શ ના કરે તે હેતુથી વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર પરિસરમાં ફુલ-શ્રીફળની મનાઈ રહેશે અને આજે મંદિર સંકુલને સંપૂર્ણ સેનિટાઈઝ કરી દેવામાં આવ્યું છે.'

સેકટર-૨૯ અને સેકટર-૨૧ની મસ્જિદ અંગે કમિટીના પ્રમુખ યુનુસભાઈ પરમારે જણાવ્યું હતું કે 'મસ્જિદમાં નાના બાળકો, વૃધ્ધો-બિમાર વ્યકિતઓને પ્રવેશ આપવામાં આવશે નહી તેમજ પગરખાં કાઢવાની વ્યવસ્થા પણ મસ્જિદ સંકુલની બહાર કરવામાં આવી છે.' આજે બંને મસ્જિદને સેનેટાઈઝ કરી દેવામાં આવી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે, 'મસ્જિદ સંકુલમાં વજુની વ્યવસ્થા હાલ પુરતી બંધ રાખી હોવાથી મુસ્લિમ બિરાદરોએ ઘરેથી જ વજુ કરીને આવવાનું રહેશે. આ ઉપરાંત સે-૫ની ઝકરિયા મસ્જિદની કમિટિના પ્રમુખ એ.કે. બુલાએ જણાવ્યું હતું કે અહીં નમાઝ માટે ભોંયતળિયે વ્યવસ્થા કરાઈ છે જેથી સોશ્યલ ડિસ્ટન્સ જાળવી શકાય તેમજ સરકારના તમામ નોર્મ્સનું પાલન કરાશે.'

વાવોલ રામધામના મહંત પૂ. મધૂસૂદન મહારાજે જણાવ્યું હતું કે 'સોમવારે મંદિર ભાવિકો માટે ખુલશે પરંતુ બાળકો-વૃધ્ધોને હાલ મંદિરે નહી આવવા જણાવી દેવાયું છે. દરેક દર્શનાર્થીએ ફરજિયાત માસ્ક પહેરવાનો રહેશે તેમજ મંદિરમાં ઘંટનાદ-પ્રસાદ વગેરે બંધ રહેશે અને ભાવિકોએ દર્શન કરીને તુરંત જ બહાર નીકળી જવાનું રહેશે. મંદિરના દરવાજે જ સેનેટાઈઝર ઉપરાંત હેન્ડવૉશની પણ સુવિધા કરાઈ છે.'

આ સાથે શહેરના મોટાભાગના સ્વામિનારાયણ મંદિરો બંધ રહેવાના છે જયારે મહાદેવજીના તથા માતાજીના મંદિરો ભકતો માટે ખુલશે. શહેરના ચર્ચ રવિવારથી શરૂ થશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. શહેરમાં અન્ય મંદિરોમાં પણ સરકારની ગાઈડલાઈનનું પાલન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**કયા ધર્મસ્થાનો ખુલશે?**
- પંચદેવ મંદિર, સે-૨૨
- સિંધુધામ, સે-૩૦
- સોમનાથ મહાદેવ, સે-૧૬
- સે-૩૦ ગુરુદ્વારા
- હવેલી મંદિર, સે-૨૧
- વૈજનાથ મહાદેવ, સે-૨૧
- હનુમાનજી મંદિર, સે-૧૭
- દત્ત મંદિર, સે-૨૯
- ઓમકારેશ્વર મંદિર, સે-૪
- રામધામ, વાવોલ
- સિધ્ધનાથ મહાદેવ, વાવોલ
- મદીના મસ્જિદ, સે-૨૯
- જુમ્મા મસ્જિદ, સે-૨૧
- દિગંબર જૈન મંદિર, સે-૨૧
- શ્વેતાંબર જૈન મંદિર, સે-૨૨
- શ્વેતાંબર જૈન મંદિર, સે-૨૪
- શ્વેતાંબર જૈન મંદિર, સે-૭
- શ્વેતાંબર જૈન મંદિર, સે-૩
- સંત રોહિદાસ મંદિર, સે-૬

**કયા ધર્મસ્થાનો બંધ રહેશે?**
- અક્ષરધામ, સે-૨૦
- જલારામધામ, સે-૨૯
- સ્વામિનારાયણ મંદિર, સે-૨૩
- સ્વામિનારાયણ મંદિર, સે-૨
- ચર્ચ, સે-૨૩
- ચર્ચ, સે-૮



હજુ મંદિરો તો આજથી ખુલી રહ્યા છે પરંતુ મંદિરોમાં કરાતા ઉત્સવ તો ઠાકોરજી સમક્ષ એજ રીતે ઉજવવામાં આવે છે. સ્વામિનારાયણ મંદીર સે- ૨ ખાતે મહંત શ્રી પી પી સ્વામીના માર્ગદર્શન હેઠળ કેરી ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. ભકતોએ સોશ્યલ મિડીયાના માધ્યમથી દર્શનનો લ્હાવો લીધો હતો.





ઠેર ઠેર પડેલા કચરાનું હવે કંઈક કરો... ગમે તેટલા સ્વચ્છતા અભિયાન ચલાવાય, ગમે તેટલી યોજનાઓ બનાવાય પરંતુ શહેરની સૌથી મોટી કચરાની સમસ્યાનો જાણે ઉકેલ જ જોવા મળતો નથી. દુકાનો, ઓફિસો અને કચેરીઓની આસપાસ ઉભરાતી કચરાપેટીઓને સમયસર ખાલી કરવામાં આવતી ન હોવાથી તે હંમેશા ઉભરાયેલી જ જોવા મળે છે. વળી કચરો વાળીને જયાં ત્યાં તેના ઢગલા કરી દેવાની આપણી વૃત્તિ સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાવી દે છે. તસવીરમાં દેખાતા દશ્યો પાટનગરની છબી માટે કલંકરૂપ છે. તેને સુધારવા આપણે જ હવે પ્રયત્નો કરવા પડશે.



ગાંધીનગરમાં કોરોના વાયરસના કેસ વધતા ઠેર ઠેર કન્ટેઈનમેન્ટ ઝોન બનાવાયા હતા. સેકટર-૩ ન્યુમાં કન્ટેઈનમેન્ટ ઝોન ખૂલતા છેલ્લા લગભગ એક મહિનાથી અહીં બંદોબસ્તમાં ફરજરત રહેલા જયેશભાઈ આગજાનું સેકટર-૩ ન્યુના સર્વે વસાહતીઓ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. કનુભાઈ છગનભાઈ મકવાણા, ઉ.વ.૭૧, નારણપુરા, અમદાવાદ
- સ્વ. દેસાઈ નાગજીભાઈ સવજીભાઈ, ઉ.વ. ૪૩, મુ. કલોલ
- સ્વ. પટેલ પ્રહલાદભાઈ લીલચંદદાસ, ઉ.વ. ૭૫, મુ.દેલવાડા, તા. માણસા

# શહેરમાં કેરીની સીઝન જામી છે

ગાંધીનગર, તા.૭

ફળોના રાજા કેરીની સિઝન હવે મધ્ય ગાળામાં છે. કેરી દરેકને અતિશય પ્રિય છે અને કેરીની સીઝન દરેક માટે ખાસ ગણાય છે. તમામ ફળોમાં કેરી અલગ તરી આવે છે ત્યારે જુનાગઢ, ગીર, તલાલા, વલસાડ સાથે કચ્છની કેરીની વાત જ કંઈક અલગ છે. નગરમાં તમામ કેરી હાલ ઉપલબ્ધ છે. કોરોના ઈફેક્ટને કારણે કેરી સીઝન કરતાં થોડી મોડી મળતી થઈ છે. જેને કારણે હજી નગરજનો કેરી ખાઈને સંતુષ્ટ થયા નથી. હજી કેરીની ખરીદી બજારમાં ચાલુ જ છે. ત્યારે હાલ જૂનાગઢની કેરી બાદ ઉલ્લેખનીય છે કે, આદ્રા બેસી ગયા પછી કેરી ના આરોગાય તેવું જૈન ધર્મમાં માનવામાં આવે છે.

કેરીની ઉપલબ્ધિ, વેચાણ અને ગ્રાહકોની કેરી માટેની માગણી સાથે કેરીની સીઝન વિશે વાત કરતા નગરના કેરીના જાણીતા વેપારી રહીમ ચાચા જણાવે છે કે, વરસાદની આગાહી પહેલા જ મોટાભાગની કેરી ઉતારી લેવામાં આવી છે. એટલે માલ ની ઉણપ નથી અને કોરોનાને લીધે નગરજનો એ હજી પૂરતી કેરી ખાધી નથી. એટલે હજુ કેરીની ડિમાન્ડ પણ છે. હાલ કેરીના બોક્સનો ભાવ ૪૦૦થી ૬૦૦ રૂપિયા છે. જેમ જેમ માંગમાં ઘટાડો થશે તેમ એક બોક્સ એ ભાવ પચાસ થી સો રૂપિયા વધતા જશે. આ વર્ષે દર વર્ષ જેટલો વધુ ભાવ નથી કારણ કે કોરોનાને લીધે કેરી એક્સપોર્ટ કરવામાં આવી નથી. અને સાચું કહું તો આ વર્ષે આપણને તંદુરસ્ત કેરી ખાવા મળી છે. હાફૂસનું તો હવે નામ જ ન લેવાય. આ વરસાદને લીધે હવે વલસાડી ન પણ આવે અને જૂનાગઢની કેરી કદાચ હવે ઘરડી થઈ ગઈ પણ કચ્છની કેરી હવે જ આવશે તે જરૂરથી લેવી. જેનો ભાવ પણ અંદાજે આટલો સરસ હશે. મારા મતે જુલાઈ મહિના સુધી કેરીનો માલ આવશે જ એટલે જેને કેરી વધુ જ પ્રિય છે તેમને કેરીની કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

હવે આજની જનરેશન આ બાબતોમાં માનતી નથી અને કેરી આ વર્ષે મોડી મળતા તમામ કેરીને ખરીદવામાં માનશે તેમ લાગી રહ્યું છે. પરંતુ, નગરના જાણીતા જયોતિષી અંબાલાલ પટેલનું કહેવું છે કે, ૨૧ મી જૂન થી આદ્રા બેસશે પછી કેરીમાં જીવડાં પડી જાય પછી કેરી ન આરોગવી.



